# મનપાના મહાજંગની પૂર્વ સંધ્યાએ કમિશનરની બદલીના હુકમો કરાયા

ગાંધીનગર, તા. ૪

મનપાના નવા હોદ્દેદારોની ચૂંટણીની પૂર્વ સંધ્યાએ જ રાજ્ય સરકારે ગાંધીનગર મનપાના કમિશ્નરની બદલીના હુકમો જારી કર્યા છે.

ગાંધીનગર મનપાના કમિશ્નર સંજય અમરાણીને સેટલમેન્ટ કમિશ્નર બનાવવામાં આવ્યા છે તો ઉદ્યોગ વિભાગમાં લઘુ-મધ્યમ ઉદ્યોગ કમિશ્નર તરીકે ફરજો બજાવતા સુશ્રી રતનકંવર એચ. ગઢવી ચારણની કમિશ્નર તરીકે બદલી કરી છે.

આ હુકમની સાથે અન્ય બે સનદી અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. આજે રવિવારની રજાનો દિવસ હોવા છતાં સરકારે ભાજપના સ્થાનિક નેતાઓને ખુશ રાખવા માટે ખાસ સચિવાલય બોલાવી આ હુકમો જારી કર્યા હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

વર્તમાન કમિશ્નર આગામી છ માસમાં વય મર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે તો બદલી માટેનું કોઈ ચોક્કસ કારણ જણાતુ નથી.

પહેલીવાર સરકારે સીધી ભરતીના સનદી અધિકારીને મ્યુનિ. કમિશ્નર તરીકેનો હોદ્દો સંભાળવાના હુકમો કર્યા હોવાથી હવે પક્ષના આગેવાનોની કોઈ મનમાની ચાલશે નહિ તેવો સંકેત આપ્યો હોવાની વાતો પણ થઈ રહી છે.

ગાંધીનગર મનપામાં વિકાસના કામો અને તેમાંય ખાસ કરીને સ્માર્ટસીટી પ્રોજેકટને આગળ ધપાવવામાં વધુ મહત્વ આપવા સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો હોવાનું પણ સરકારના સૂત્રો કહી રહ્યા છે.

રાજ્ય સરકારે આજે કરેલા બદલીના હુકમોમાં સેટલમેન્ટ કમિશ્નર કચેરીના ઓ.એસ.ડી. સી.એમ. પાડલિયાની અમરેલી જિલ્લા વિકાસ અધિકારી તરીકે બદલી કરી છે તો અમરેલી ડી.ડી.ડી.ઓની બદલી સુશ્રી રતનકંવર એચ. ગઢવી ચારણની જગ્યાએ કરવાનો હુકમ કર્યો છે.




# આજે મનપાનો મહાજંગ : બન્ને પક્ષો તૈયાર

## બ્રાહ્મણ, દલિત અને પટેલની ફોર્મ્યુલા ભાજપની તો પટેલ, ઓબીસી અને બ્રાહ્મણની ફોર્મ્યુલા કોંગ્રેસની

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની આજે ચૂંટણી મનપાની સામાન્ય સભામાં યોજાશે.

ભાજપ પાતળી સરસાઈ સાથે સત્તા પર હોવાથી પક્ષમાં પડેલી દરારોને સાંધી અને સત્તાને ટકાવી રાખવા માટેનો આ જંગ ખેલશે.

મનપામાં નવા હોદ્દેદારોની ચૂંટણીને લઈ સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામા આવી છે. આ માટે ચોથા માળે પુખ્ત પોલીસ બંદોબસ્ત તેમજ કાઉન્સીલર સિવાય કોઈને સભાખંડમાં નહિ પ્રવેશ આપવાનો નિર્ણય લેવાયો છે.

આ ચૂંટણીમાં કોર્ટના આદેશને પગલે સમગ્ર સભા અને મતદાનની સંપૂર્ણ પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવામાં આવશે એટલુ જ નહિ મેયરનું પરિણામ બંધ કવરમાં રાખવામાં આવશે જે ૨૨મીએ કોર્ટમાં મુદત વખતે જાહેર થશે.

ભાજપ પાસે હાલ ૧૭ સભ્યો મેયર પ્રવિણ પટેલ સાથે છે. આ બધાજ સભ્યોને સૌરાષ્ટ્રના પ્રવાસે લઈ જવામાં આવ્યા છે. જે આજે મોડી રાત્રે અથવા સોમવારે સવારે પરત ફરશે.

આજની બેઠકને લઈ બન્ને પક્ષો દ્વારા સભ્યોને વ્હીપ જારી કરવામાં આવ્યા છે. બન્ને પક્ષોએ આ ચૂંટણીમાં ઝંપલાવવાનું નક્કી કરેલ છે.

મહાનગરપાલિકામાં સત્તા જાળવવાનો ભીતરી ખેલ હાલ તો ભાજપને ભારે પડી રહ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. ભાજપની ભીતરી વાતો કર્મઠ કાર્યકરોની પસંદગી કરાશે તેવા સંકેતો આપી રહેલ છે. જો કે બ્રાહ્મણ, પટેલ અને દલિતોને ખુશ રાખવાની નીતિ તૈયાર કરાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે કમલમ્ ખાતે મોડી રાત સુધી આ અંગેની કવાયતો ચાલી હોવાની ભીતરી વાતો પણ આજે ચર્ચામાં હતી. શહેરમાં બન્ને વખતની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો પરાજય થયો છે અને

● અનુસંધાન પાના-૭ પર

### અંકિત બારોટ કોંગ્રેસની બેઠકમાં ગેરહાજર

કોંગ્રેસ પક્ષનો એક કાઉન્સીલર ગુમ થયો હોવાની વાતો પાટનગરના રાજકીય વર્તુળોને વધુ ઉત્તેજીત બનાવ્યા છે. કોંગ્રેસનો યુવા અગ્રણી અંકિત બારોટ આજે મીટીંગમાં ગેરહાજર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ કાઉન્સીરના માતા-પિતા અંકિતના ગુમ થવાને લઈ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે. સાથે ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને ૧૦૦-૧૫૦ કોંગ્રેસી કાર્યકરો પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે.

# શહેરના ૪થા મેયર પણ વોર્ડ ૩માંથી જ હશે... વહેતી વાતો...

## બન્ને પક્ષમાં પાટીદાર મહિલા કાઉન્સીલર એક-એક જ છે !!

ગાંધીનગર મહાનગરપાલિકામાં સતત ૩ મેયર વોર્ડ નં. ૩ એ જ આપ્યા હોવાથી ૪થા મેયર પણ આ વોર્ડના જ હશે કે બીજા વોર્ડ પર પસંદગી ઢોળાશે તેને લઈ પાટનગરમાં રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે.

મનપાના ત્રણેય મેયરો કોંગ્રેસમાંથી આવીને બન્યા છે અને ત્રણેય મેયરોનો વોર્ડ નં. ૩ જ રહ્યો છે તે એક અનોખો યોગાનુયોગ છે.

ગાંધીનગર મનપામાં મહિલા માટે અનામત મેયરપદ છે. આ બેઠક માટે સૌથી પહેલુ નામ રીટાબેન પટેલનું લેવાય છે જે પણ વોર્ડ નં. ૩ના છે. બ્રાહ્મણમાં આ હોદ્દા માટે બીજુ નામ પ્રિતીબેન ધવલભાઈ દવેનું લેવાય છે જે પણ વોર્ડ નં. ૩ ના કાઉન્સીલર છે.

આ ઉપરાંત વોર્ડ નં. ૧ના બરખાબેન જ્હા, વોર્ડ નં. ૮ના પ્રવિણાબેન વોરા અને વોર્ડ નં. ૪ના નીલાબેન શુક્લા પણ આ સ્પર્ધામાં છે.

બીજી તરફ કોંગ્રેસમાં વોર્ડ નં. ૭ના કાઉન્સીલર પીન્કીબેન પટેલ, વોર્ડ નં. ૬ના હિરલ જોશી પણ સ્પર્ધામાં અગ્રેસર હોવાનું કોંગ્રેસના આંતરિક વર્તુળોમાંથી જાણવા મલેલ છે.

● અનુસંધાન પાના-૭ પર







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com